ચતુર--વિજય.

શંકર વિજય રાંદેર નાટક મંડળી
ને માટે.

રચનાર
વ્યાસ નિર્ભયશંકર મંછારામ. રાંદેરવાળા



સુરત.
"ધી રાઈઝીંગ સ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસમાં ગગારામ
આત્મારામ પંડીતે છાપ

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫.

કીમત ૦-૨-૦

પાત્રોના નામ.



માનસિંહ— ભરતપુરનો રાજા

બળદેવસિંહ માનસિંહનો સેનાપતી.

ચતુરસિંહ—માન-ના વંશનો ગરાસિયો, બળ-નો મિત્ર.

વિજય— બળદેવનો પુત્ર પ્રેમપ્રભાનો પતી.

મનોહરશંકર—માનસિંહનો પ્રધાન.

છગનલાલ—માનસિંહનો કોટવાલ.

દેવજી— માનસિંહનો ખાસ નોકર.


પ્રિયંવદા— વિજયની મા. બળદેવનીસ્ત્રી

પ્રેમપ્રભા— માનસિંહની પુત્રી. વિજયનીસ્ત્રી.

લાભ— દેવજીની વહુ.

બાદશાહ અંગ્રેજ છોકરાં સિપાંઇઓ નજર મોજુ વિ૦ વિ૦

ટુંક સાર.



વિજય અને પ્રેમપ્રભા થોડા વખતથી શાળામાંથી છુટ્યાં છે; પ્રેમે પરસ્પરનાં હૃદયમાં વાસ કર્યો છે; વિજયના પિતા બળદેવ-સિંહ, પ્રેમપ્રભાના પિતા મહારાજ માનસિંહના સગા અને સેના પતી છે, બળદેવે ઇંગ્રેજ લશ્કરમાં નોકરી કરી શિખી પોતાનાં દેશી લશ્કરમાં સુધારો કર્યો હતો; રાજ્યનાં બીજા દરેક નોકરોથી બહાદુર બળદેવ માનસિંહને વધારે માનીતો થયો હતો; પ્રધાન મનહરશંકરથી એ ખમાતું નહોતું; દિવસે દિવસે વિજય પ્રેમપ્રભાનું મન વધારે મળતું જોઇ માનસિંહે વિજય પ્રેમપ્રભાને પરણાવવાની વાત બ્હાર પાડી; એમ થાય તો બળદેવજ રાજ્યનો સ્થંભ થાય અને પોતાનું અનિષ્ઠજ થાય એ વિચારે પ્રધાન મનહર બળદેવને રાજ્યમાંથી ખસેડવા યુક્તી શોધતો હતો.

(નાટકનો આરંભ) આજે શેહેર બ્હાર દશરાના તહેવારમાં સારૂં શેહેર નીકળ્યું છે. વિજય પ્રેમપ્રભા એક એકને મળ્યાં, પ્રેમને ઉભરે અરસપરસ પરણવા વચને બંધાઇ, આમ તેમ જાણે આજેજ પરણેલાં નવાં હંસનાં જોડાં પેઠે ઉડવા લાગ્યાં; એ માનસિંહે જોયું, હવે જલદી બન્નેને પરણાવવા વિચાર જાહેર કર્યો, પ્રધાન મનહરથી એ ન ખમાયું અને છગનલાલ નામના કોટવાલને પોતાના પક્ષમાં લઇ માનસિંહને કહી એ વેશવાળ હાલ બંધ રખાવવાની યુક્તિ ગોઠવી.

બળદેવના મિત્ર અને માનસિંહના વંશના ચતુરસિંહે પ્રધાન કોટવાલનો પ્રપંચ નહિ ચાલવા દેતાં જલદીથી વેશવાળ કરાવ્યું અને પડો અપાવ્યો, આથી મનહરને વધારે વેર બાંધ્યું, અને દેવજી નામના એક ખાસ મહારાજના નોકરને લાલચ આપી બળદેવ માથે મહારાજને ઝેર દેવાનું તહોમત મુકાયું; પ્રપંચી મનહરથીજ દારૂના નિશામાં ચકચૂર થયેલા માનસિંહે બળદેવને કુટુંબ સાથે દેશપારનો હુકમ કર્યો. સિપાઇએ જઇ બળદેવને

જલદી શહેર છોડી જવા કહ્યું; આ દગોજ છે એવો વ્હેમ ચતુરને હોવાથી તે બળદેવની સાથે ગયો; મનહરનું હવે ફાવ્યું; માનસિંહ આગળ દિલ્લીના બાદશાહને ખંડણી ભરતો હતો હાલ એ ખંડણી બળદેવે ભરાતી બંધ કરાવી હતી અને બાદશાહને એક વખત હરાવી નસાડયો પણ હતો એનું વેર બાદશાહને ઘણું હતું મનહરે દિલ્લી, બળદેવને દેશપાર કરવાના ખબર દેવજી મારફત પહોંચાડયા; બાદશાહને જોઈતો લાગ મળતાં એક દમ ચઢાઈકરી; હજી મનહર ધર્યો નહિ બળદેવ ચતુર વિજય તથા પ્રિયંવદા દેશ છોડી ચાલ્યાંછે તેમાંથી પ્રિયંવદાનું હરણ કરવા તથા બીજા બધાને મારવા તેણે સિપાઈઓ દોડાવ્યા લાંબો પંથ કાપી બધાં બેઠાં, ચતુર વિજય પાસેનાં શહેરમાં ખાવાનું લેવા ગયા, એવામાં સિપાઈઓએ બળદેવને ઘાયલ કીધો અને પ્રિયંવદાને ઉપાડી ગયા; ઘાયલ થઈ પડેલા બળદેવને પાસેની છાવણીના શકાર માટે ફરતા ઇંગ્રેજ અમલદારે જોયો તે તેને સારવાર માટે ઉપાડી ગયો; ત્યાં બાદશાહના સેનાપતીએ છાપો મારી માનસિંહ પ્રેમપ્રભાને પકડી દિલ્લી લઇ ગયો.

અંક ૨ જો



મનહર દિલ્લી પહોંચ્યો, માનસિંહ પ્રેમપ્રભાને મારી નખાવવા પ્રપંચ ગોઠવી બાદશાહને પ્રેમપ્રભાને પરણવા ઉશ્કેર્યો; પ્રેમપ્રભાએ બાદશાહનો અનાદર કીધો માનસિંહે પણ ધિઃકાર કર્યો બાદશાહે પ્રેમપ્રભાને કતલ કરવા તથા માનસિંહને સદાને માટે કેદ રાખવા હુકમ કર્યો; ત્યાં દુરાચારી દેવજીને પણ વાત દાટવા દુષ્ટ મનહરે મારી નંખાવ્યો. પ્રેમપ્રભાને સિપાઇ વનમાં લઇ ગયા, એજ વનમાં ચતુરે છાના રહેવા એક ગુફા પસંન કરી હતી, અહીં ફરતા વિજયે સિપાઇ પ્રેમપ્રભાને જોયાં; સિપાઇઓએ પ્રેમપ્રભાને મારી નાંખવા કરતાં ક્યાંક વેચવાથી પૈસા મળશે એ વિચારે તેને મારી નહી નાખતાં પાંસેનાં શહેરમાં લે

શ્યાને ત્યાં લઇ જઉ વેચી; વિજયે એ બનાવ નજરે જોઇ આ વી કાકા ચતુરસિંહને જાહેર કર્યું; ચતુરે વિજયને છોકરીનો વે શ પહેરાવી, લાગ મળતાં જો પ્રેમપ્રભાજ હોય તો લઇ નાસવા શિખવી એજ વેષ્યાને ત્યાં વેચ્યો; હજી ઉપલા સિપાઇઓ વે ષ્યાને ત્યાં ગમ્મત કરતા હતા, ચતુરે એ સિપાઇઓની વાતચિ ત ઉપરથી પ્રિયંવદાની ભાળ કદાચ મળશે એવે વિચારે તેની પૂઠ લીધી.

જંગલમાં એક કોતરમાં કેદ કરેલી પ્રિયંવદાને ઘણા દિ વસથી મનહર સમજાવતો હતો, પણ તે માનતી નથી, આજે હવે છેવટ બળાત્કાળ કરવો એવો ઠરાવ કરી બિચારી નરમાળ શરમાળ પર મનહરે વાઘ પેઠે તરાપ મારી, ચતુર આવી ચઢયો પ્રિયંવદાને બચાવી, નાસ્તીક પ્રધાનને ઇશ્વર સમજાવી પોતાની ભુમિ કુટુંબના પેરે ચતુરે ખંજર ભોકી દીધું.

અંક ૩ જો

ચતુરે માનસિંહને છોડાવવા ઇંગ્રેજની મદદ લેવા ધારી ઈંગ્રેજી છાવણીમાં વેશ બદલી આવ્યો, ઈંગ્રેજને પ્રાર્થના કીધી અહીં બલદેવ જોવામાં આવ્યો, અને ઓળખાયો; બલદેવ સા- જો થયા પછી તેને એજ હોદ્દેદારે સારી નોકરી આપી હતી. બલદેવના ઉ ારી પણું હેડળ ઇંગરેજી લસ્કર દિલ્લી તરફ ચઢયું;

વિજયને વેષ્યાનાં ઘરમાં ઘણા દિવસ થયા, ચતુર આ કા મમાં રોકાવાથી વાયદાસર ત્યાં જઇ શકયો નહિં; વાટ ન જો તાં હવે લાગ મળતાં વિજય પ્રેમપ્રભાને લઇ પુરૂષ પોશાક કરી નાસી છુટયો.

બળદેવે માનસિંહને છોડાવ્યા; અને સર્વ ભરતપુર તરફ રવાના થયા. ચતુર વેષ્યાને ત્યાં ગયો. વિજય ન મળ્યો, ઉલટો સપડાયો; વિજય પ્રેમપ્રભાને લઇ ભરતપુર જઇ પહોંચ્યો, અને કાક ના ઘરમાં છુપાઇ જવા ધાર્યું અહીં પ્રિયંવદા હતી તેની પાસે પાછો સ્ત્રી વેશ કરી આવી કરગર્યો, અને ગરીબી બતાવી માડી ને દયા ઉપજાવી જાહેર ન થતાં દાસી પેરે રહ્યો.

ચતુર ત્યાંથી એક મોજુ નામના નોકરનો ફોડી નાસી છુ ટ્યો અને ઘેર આવ્યો બધાં ઓળખાયાં; માનસિંહ મહારાજ પણ શહેરમાં આવી ગયાછે, દરબાર ભરાવાનોછે, ત્યાં બધાંને આવવા કહી ચતુર મોજુને લઇ છગનલાલને પકડવા ગયો. યુકતી થી તે પકડાયો. અને તેને પાપનો પશ્ચાતાપ કરાવી ચતુરે સાધુ બનાવ્યો; માનસિંહે પણ સંસાર ત્યાગ કર્યાં વિજયને રાજ્યમળ્યું ચતુર પ્રધાન બન્યો, સેનાપતી કાયમ, પ્રેમપ્રભા માનીતાને પરણી સદાની સુખી થઇ. પ્રિયંવદાની સર્વ આસા આરસ પૂરી થઇ.

સમાપ્ત.

ચતુર વિજય.

અંક ૧ લો

પ્રેમપ્રભા }
સખીઓ } — ૧

મનહરનારી બહુ રૂપાળી સુંદિર વાડી રહી ખીલી!
ન્યારી ન્યારી વેલી સારી તરૂને ધારી રહી ઝૂલી!
કો ગઈ વારી તનમન હારી થઈ રહી પ્યારી છે છબીલી!
જુઓ ન કરે વિચાર, ઉખેડીને નાંખે બહાર,
કુમળી રીબે અપાર, પેટ માટે પાપ સાર,
પ્રપંચે અજય માર, વગર વિચારે હાર,
હરી એક રાખનાર, નિરભય જયકાર,
ખોટું નથી નિભનાર, સાચાંને શી દરકાર,
સહુનો સાચવનાર, મોટો દેવ કિરતાર.—મન૦

પ્રેમપ્રભા— ૨

હસી ને વસી આંખમાં પાંખ ડાબી,
કરે ગૌરનું વર્ણ ઘેરું ગુલાબી!
પછી પ્રેમનાં બીજને પાણિ પોશી,
ખતી પ્રેમી તે પ્રેમ લેનાર સોશી.

૩

પ્રેમ—કાલી થઈને કામ કરી લે કળા કરેછે કેવી!
બીજી—સ્હમજું નહિં બા શું બોલ્યાં તે હું તો જેવી તેવી!
બધી—ખમ્મા રે સખી લટકાળી! અરે વારે છબીલી ઓહો છાણુંકાળી!
પ્રેમ—અંગે ચટકા હૈડે ચાળા જીવ જુવે રસીઆને,
બીજી—ઓરસીએ શું માથું ફોડું વાઢું બોસડિયાંનો!
બધી—વટારો રહે ધીર ધરી;

બીજી—જેવી થાતી હશે તેવી થાશે ખરી;
બધી—બહુ ડાહ્યાં કહેવાયાં—
બીજી—તો લ્યોની આ ગાંડાં—   ખમ્મારે૦

૪

પ્રેમ—લટક મટક લટકાળી ડોલે ! અરે વાહ!
હરખી હરખી રહી ઉપસી છાતી લપટી ઝપટી આહા! લટક૦
માથું ડબાવી મરદન કરી ફરી રૂડી ભીંજી રહી રમી રસ ભરી ખરી,
વીંટી રહી રે રૂપાળી એ બાંયો   લટક૦

૫

પ્રેમ—હું તો વારી વારી વિજયને ગઈ વારી !
વિજય—નથી વિજયમાં એવું તો કાંઈ ભારી !
પ્રેમ—વાહરે- મીઠું !- વાહ !   વિજયને૦
વિજય—ચતુર છો ચતુરાજ સાચાં મશ્કરી શીદને કરો !
          રહમજ નહિં બે એકમાં-
પ્રેમ—અરે વાહ શું સાચા દિસો !
     રસિકની વાણી રસિક તન રસિક જન રસિયાજ છો !
     ચંદ્ર થઈ તારા બનો એ પ્રાણ ક્યારે ફાવશો !
વિજય—લોક કહે મને કાલો ઘેલો.   વાહરે૦--

૬

વિજય-માન સરોવર પર છે મોતી હંસ ન ત્યાં કચરા જાશે !
  પુષ્પ ખિલ્યાં કોમળ વાડીમાં ભોગી ભ્રમરાજ થાશે;
  મન કંઇ કંઈ ઇચ્છે, કિસમત લખી ના મિટશે-   મન૦

૭

વિજય—તું તો રૂપાળી પ્રાણ ચોંટી ચિતમાં ગઈ;
પ્રેમ—હું તો સદાની દાસી મારા પ્યારાની થઈ;
વિજય—વા વા ! રસીલી સ્નેહ નદી રહી શી વહી !
પ્રેમ—પિયૂ નહોને મેઘ ભરે ઉપર રહી !

વિજય—ઉંચી લ્હેર છુટે સેર છલબલે છબીલી!
પ્રેમ—બહુ બોલા! વારે ભોળા! વાણી કેવી રસીલી!
રચાણા થોડા થાઓ વ્હાલા—
વિજય—સ્યાણી બોલ બોલે કાલા—
પ્રેમ—ઓય મા— કેવા ધૂતારા! કામણગારા ઠગારા! વાહ!
વિજય—શાબાશ! તું૦

૮

ચતુર—નવી રીત નવરંગ નવો વખત નવા સંગ,
નવા જીવ જંત, અનંત- અનંત! નવી૦
ગયા વહી કાંઈ કલ્પ જાય, વખત વખત ન્યારો થાય,
નિડર થાય ભેદ પાય, અનંત- અનંત. નવી૦

૯

ચતુર—સદાય લીલી તે સુકી રાંડી તજ્યો સુહાગ,
હતી હતી તે ગઇ વહી કાળા ઉડે કાગ!
કુષ્ટે કીધી દશા બિચારીની દુખિયારી!
દુષ્ટ મુવા પણ હજી મુઇ ના રહી પુકારી,
ઘર ફૂટે ઘર ગયાં સોબતે અસર લગાવી,
ભરત ભુમિ શું રડે થયું થાવાનું ભાવી.

૧૦

પ્રધાન-મનહર
કોટ-છગન } ચેતન રહીએ બાહરે (૨)
છગન—શત્રુને હણવો સહુ પ્હેલો શાસ્ત્રે કર્યું બખાણ,
મનહર—રોગ વધેલો મૃત્યુ લાવે ચૂડો ફોડે રાંડ ચેતન
છગન—વ્હેલો તે સહુ પ્હેલો એવો શાસ્ત્ર તણો છે સાર,
મનહર—શાસ્ત્રી સઘળા ભિક્ષા માગે સુખિયા થાય ગમાર. ચે.
સ્વર્ગ નર્ક એ સર્વ ગપાટા પ્હેલી કરવી મોજ,
છગન—ડગલે ડગલે શાસ્ત્ર સમંતી તરવાનું છે તોજ. ચે.

૧૧

બારાંગના—મોરી કરતે સરક ગઇ બંગરી !
બિંદ્રાબિન કુંજનમે દરશો સજની. મોરી૦
બરજોરી કર મોસે ચુરિયાં ઝપટ ડારી,
ફેટ ગઈ સારી ચુંદરી ! મોરી૦

૧૨

દરબારી-હાલ ચાલ ઢબ સરસ રસીલાં એની. હાલ૦
બારાં—છુમક છુમક છુમ છનનનનનનન !
તનનનનનનન- સનનનનનનન (૩) હાલ૦
દરબારી—આવોજી પધારો- ઉમંગ વધારો !
બારાં—ધિટ કિડાંન ધા- ધિટ કિડાંન ધા- ધિટ કિડાંન ધા-
ત્રકિટ થોમ. હાલ૦-

૧૩

બારાં—દિન આજે આનંદનો નાચો સખી રંગ રંગથી.
રંગથી રંગથી રંગથી રંગથી રંગથી હો ! દિન૦
જોડી રૂપાળી મળી હીરા કંચનમાં-
ગાઓ સખીરી આજ ઉમંગથી- નાચો૦
મોતીએ વધાવો રૂડાં તોરણ બંધાવો,
આનંદે ગાઓ મળી સંગથી. નાચો૦

૧૪

ચતુર—જાણ કદર જાણે.
સારજ સુંદિર હંસ સોશી લે છે.—જાણ૦
પારખે ઝવેરી મણી, બીજાથી ન શકે બની,
સારા સાર જાણે જન, ધન્ય છે ધન્ય છે,
ધન્ય, ધન ધન ધન ધન.—જાણ૦

૧૫

કાલ—ઘટી શકતી થયા ઘરડા કર્યું કૃત્ય દૈત્યનું કુડા

ફસાવી બાળકી નાની કર્યું ફટ એઉનું ભૂંડું—ઘટી૦
કસાઈ તો ભલો કાપે, ધણી ઘરડો શું સુખ આપે
પડે બાળા જીવિત પાપે, મરે ત્યાં સુધી સંતાપે-ઘટી૦
કર્યું નહિં કામ કંઈ આવે, કુકીર્તિનાં બિયાં વાવે,
સુતો મરવા ઉઠીભાવે, ભજન કર કામ તે આવે. ઘટી૦

૧૬

દેવજી—મારી લાડકડી લેલે જરા ખારે લેલે જરા ખા—
લાલ—જીવતી જુવાનીમાં મૂઈ હાય મારે મુઈ હાય મા—
હાય પિટયા ટચરા,
દેવજી—ભલે ટચરા રે કચરા!
લાલ—નથી ગમતા મને જરા!
દેવજી—ગમે શાના આવી જરા!
લાલ—શીદ જીવ ખાઓ મારો?
દેવજી—હું તો નોકર છું તારો,
લાલ—મળ્યો ઘરડો ગધાડો,
દેવજી—ભલે ગધાડો કે પાડો,
હું તો તારા ઉપર જાઉં લાડકડી વારી!
લાલ—પડો ધોળી મૂછે ધૂળ મરી જાઓ હવે હારી. મારી૦

૧૭

દેવજી—લાલ થાય રાજીને દિલડું ખુશી થાયરે ભાઇ;
લાલ કરે લટકો ને મનડું હરખાયરે ભાઈ;
રૂપિયા દેખી લટકો કરશે ગોરો હાથ ગળામાં ધરશે,
લાડ કરીને સાથે ફરશે. હં ! હં ! હં ! —લાલ૦

૧૮

બારાંગના—સ્હેજમે ઘુમે,મતવાલો, કલાલી મોરી પ્યારીરે પ્યાલો
લાવ, સ્હેજ૦
જાનો અફીમ મગાવ કાલો કાઢ કસુંબી રંગ

પ્યાલો ઉપર પિલાઉં તો રસિયો મચાવે જંગ. કલાલી૦
જંગ મચાવે જંગ તો સ્હેજ શિતલ બની જાઉં;
બીજું પ્યાલુ ગેમને ને હું પણ રંગિલ થાઉં. કલાલી૦

૧૯

વિજય—રચી રચના અજબ [illegible] રચ્યો અજ્ઞાની અટવાઈ,
સ્હવારે સૂર્ય ઉગે છે ને સ્હાંજે જાય સંતાઈ. રચી૦
કર્મો છે કાયદા કેરા, કદાપી ના ચુકે કોઈ,
નહિં જાણે બાકું [illegible] પગ ખાડમાં જોઈ રચી.
[illegible] આ નાટકનારની રચ્યા છે [illegible] નરનારી,
[illegible] મન રહે હુશિયારી ૨.

ચતુર— ૨૦

[illegible] રજપુત [illegible] તું [illegible] બને [illegible] તું;
જે જાણું [illegible] તે જાતે [illegible] થાય તું;
તો તે [illegible] સ્હાસ્ય સતનો પોતે વિચારે બધું.
કાચા કાન [illegible] તારી કરશે વાંસેથી પસ્તાય તું.

૨૧

પ્રિયં—શું રે થશે હરી રેહમજ પડે નહિં ફેરકે જમાણું અંગ,
વિજય—છાનો રહે શિદ રૂદન કરે માં હરિ સાચાનો સગ
[illegible] સુખ આપશે સતનો સાચવનાર,
માણુક હીરો આપતો કુંદનને મળનાર. શું૦
પ્રિયં—સતિ નારી સુત સદગુણી હરિશ્ચંદ્ર રાજન્ન,
સત પણ સુખ ડૂલ્યાં સહૂ નિચ ઘર વેચ્યાં તન્ન. શું૦
ચતુર—સ્વર્ગ મળ્યું છેવટ થયાં પોતે પ્રભૂ પસંન્ન,
સત્ય તરેકે સર્વદા સતિરા થિર ધર મન્ન. શું૦

૨૨

વિજય—આ વાદળી આવી ચઢી, ચઢી ના પડી રહે છાંયા,
જશે એ વાવલિયા વાયા હાં- હાં- એ૦

ચઢી એ ઉતરનારી ખરી, રહે ના સ્થીર સદા કો કરી,
ધિરજ જીવ સહુનો સાથી હરી. હાં- હાં- સહુ૦
ખસ્યો રવી વાદળી આ ગઈ ખસી, હસી સહુ દુનિયાં
ભાન ધેલી,
ઘડીમાં નિરભય જળ રેલી. હાં- હાં- નિર૦

૨૩

વિજય—અરે આ જીવ જો કીધા માબાપે ઉપકાર !
જન્મ દીધો તે પ્રથમ પ્રભુજી, માએ નવ માસ વેઠયો ભાર. અરે૦
તુજ સુખ માટે રસ સર્વે છોડયા, તને સુખી જોવે સુખ્યા
અપાર-અરે૦
છાતીએ રાખ્યો ખાંધે ચઢાવ્યો, મારો લાડકો કહી લીધો
વ્હાર. અરે૦
એ ઉપકારીનું કાંઇ ન કાધું, તને કપુત હજાર ધિઃકાર. અરે૦

૨૪

બળદેવ—નથી હાથ પગ પણ વિટલાઇ પ્રેમ કર્યો એ પુરો
ઝુલાવે ઝંધો તરૂ રંગે કઠિણ પણ નરમ શૂરો,
સાચી પ્રીત કરી, ડોલાવે રહી ડોલી.—સા૦

૨૫

બળદેવ—ગઇ થાકી પ્રાણ પ્યારી ને સુતી.—ગઇ૦
પડયો કોમળ પર તડકો ભારી, ગઇ કરમાઇ એ રૂપાળી! ગઇ૦
લતા નાજુક પુષ્પની બલિહારી! લે મધુકર રસ વારી વારી—ગઇ૦

૨૬

બળદેવ—સેનાપતિની કઠિણ જાંગપર સુંદરી થઇ સૂખાળી,
કાઠણ કઠિણ પણ પ્રેમ પાસમાં લીધું શું મન વાળી!
વાહ પ્રિયા ભોળી, શી રસમાં રહી રોળી!—વાહ૦

૨૭

લાલો }
પેમલો } પૈહા આલે અંગરેજ લોક ઝાઝા તો તાજા થિયા,
મેતરાણીને પોલકાં પેરાવીને રાજા થિયા.
પેરી પાટલૂન ને કોટ નામ, લાખ્યો પીઠાંમાં જઇને મુકામ,
પીધી તાડી કે રંગનું જામ, લઇ બૈરીને ચાલીચા—આમ-
આમ આમ. મેત૦
મોટી પૈહાની વાત, છેલ પડે હારી રાત,

નીચી ઊંચાની જાત, મારે બેઉને શાત-મેત૦

૨૮

સિપાઈ—ચલોજી સાહેબ ચલોજી સાહેબ કયું કરતે હો દેર!

દેવજી—અરે બાપરે! અરરરર હાય! કેમ જવાશે ઘેર!
દીધા ફસાવી, મળે નચાવી. હવે શી થાવી આવી ધુજારી!

સિપાઈ—ચલો કરાઉં લ્હેર! —અરે.
નહિ ચલતે હો?

દેવજી—મુવારે રામ.

સિપાઈ—કયા કરતે હો?

દેવજી—સાહેબ સલામ—

સિપાઈ—એ ક્યસા અંધેર! અરે૦

૨૯

વિજય—મનની રહી ગઈ રે મનમાં, માત પિતા ક્યાં પ્રેમપ્રભા ક્યાં!
આવી પડી શી અણચિંતી આફત! રહી૦
વિરહ સૂર્ય ચઢી તપશે ભારે, પ્રેમકલી કરમાશે ત્યારે,
કિસ્મત નહિ ભ્રમરા ફુલ તારે, ભંગ પડયો રંગમાં
શું સંભારૂં શું વીસારૂં! કયારે બાધાનું મુખ નિહાળું? રહી..૬

૩૦

પ્રેમ—કોણ આશા પૂરી પાડે તું વિના રહી. હું આશાની ભરી,
રોતી રહી આ એકલી ના ધીર રહે ધરી ઉગારે તું હરી.
પ્રેમીની પીડા પ્રેમી જાણે એક સારસડી, ઝુરે જતાં મરી,
તું કરે શું દેવ હું હિણભાગિણી ખરી, પોતાથી ના ઠરી. કોણ૦

૩૧

પ્રેમ—નમાઈને માણક મળ્યું માણ્યું સઘળું સૂખ;
ઘરમાંને ઘરમાં ગયું કોને કેવું દુઃખ?
વિજય સિધાર્યો વન્ન પ્રેમપ્રભા ભૂલી પડી!
ઝુરી ઝુરી જાય જીવ કોને કહે બાપડી!
બાપૂ કહો દુઃખ કેવું છાના કેમ રહેવાય!
વિજયનું નામ લેતાં હાયરે રડાઈ જાય!
હું તો એકલી અહીં રહી વિજયે બેઠા કયાંય!
વિજય વિજય મારો વિજય વિજય રમરી જીવ જાય.

અંક બીજો

૩૨

વારાંગના—ધ્રિકિટ તોમ ધ્રિકટ છોમ છોમ છનનન-
તનન દીં દીં તા દીં દીં તનનન-
દીં દીં દી દીં તનનનનનનન-(૩)
છક છક છક છા છક છક છક છોમ-
છનનક છનનક છોમ, તનનન તનનન તોમ-
કિડાંન ધ્રિટ ધા, કિડાંન ધિટ ધા, કિડાંન ધ્રિટ ધા-
છા છક છા છા છક છા છા છક છા- ધ્રિકિટ૦

વારાંગના— ૩૩
અરે હાંરે હો મુબારક, શાનો પ્યારે શાહ- આલીરી.
થેઇ તતા તાતાતા થૈયારે, તા થેઈ તતાતા થૈયારે- શાનો૦
હરનિશ રતન રહો સદા, તું શાહો દિલશાદ-
સબજા તેરા નાવ હો હો ગુલશાન આબાદ-
દિર દિર તતાતાતા થૈયારે થેઇ તતાતાતા થૈયારે- શાનો૦

૩૪

પ્રેમ—છું કુંવારી ને પરણી ગઇ—
કયાં હું ને કયાં તું શી આશા રહી! છુ૦
લાજ ન આવે વખત ભુંડાને, બેઠો પિશાચ થઇ. છું
ઘરડા શાહુ બાળકીને ફસાવી, લાભ શું લેશો લઇ! છું૦

૩૫

પ્રેમ—એવી હીણીએ વટાળી દેહ જાતને લજાવી,
માથે હાથે કરી ટીલી લાવી, પાપના જાળાંમાં આવી,
અપકીર્તી બીજ વાવી, જીવતાં શરમ નાવી! હીણી૦
ગઇ સારૂ કરતાં સપડાઇ તે ખરડાઇ તે ખરડાઇ તે,
હિંસક નરને હાથે ચડી ફસાઇ તે ફસાઇ તે,
ધિઃક ધિઃક તેનું નામ, ફટ ફટ તેનું કામ,
સ્વર્ગ તજી નર્ક ઠામ, લીધું તે ખોટું તમામ. હી૦
વળી પુરૂષે ફસાવી નારી, વટાળીને કીધી પ્યારી,
કાળું કામ કીધું ભારી, પ્રભુનો ભય વીસારી,
ધિઃક અભીચારી ધિઃક, ધિઃક સતહારી ધિઃક,

ધિક્ બની પ્યરી ધિક્, ધિક્ નરનારી ધિક્,
તેનો જાતને ધિક્કાર, તેની માતને ધિક્કાર,
તેના તાતને ધિક્કાર. તેની વાતને ધિક્કાર,
અરે જાઓ. જાઓ હું નહીં એ બીજી ભુંડી બનનારી.-હી૦

૩૬

મેજ—આશાનો દરિયો ભર્યો પડી નાની નાવ,
ઉપડતાં અફળાઈ તે દુરદૈવનો ભાવ.—આ૦
હરીને આફત આપતી બચી ગઈ દુરભાગ,
ભરદરિયે પડી ને ચઢી તોફાનને માગ—આ૦
ગઈ ગઈ ને બચી ગઈ વળી મળી સુંદર બેટ,
તોફાને લંગર તુટયું લખી કરમે વેઠ.—આ૦
ઘસડાઈ વમળે પડી હાય ગઈ ગઈ થાય,
એક જતે તો ખેર રે સઘળું ગયું હાય.—આ૦

૩૭

ચતુર—ગતિ તુજ ગહન હરી હરી સતનો તું તો પાલનહાર.
જીવ અનંત અહુ બાલક સરખાં,
લેછે ભાળ ભાળ રખવાળ કરે તુજ પ્રભુજી,
તારી કૃપા થકી ફરવુ, સર્વ પ્રાણીને પોષે તું. ગતિ૦
જલ સ્થલ નિયમે ચાલે, નિયમે રવિ છૂપી જાય,
સકલ જગ વાપ્યો યશ દાતાનો હે શુભ મતિ તુજ,
અચલ અમલ ત્રિભુવનમાં સત્ય હરી,
સત-ને તું દેવ રહે છે સ્હાય. ગતિ૦

૩૮

વિજય—મળે પાપી તો કરૂં ઠાર આવાર,
ચોરી શું કરી પાપી લજાવ્યું નામ ધિક્કાર તુને અભાગી. પા૦
પાછળથી ઘા જે કરે રણમાં રચે પ્રપંચ,
ફટફટથી પાછળ પછી કહેવું રહ્યું ન રંચ.
બા – પુ – ને – બા – ની – ભાળ—મળે૦

૩૯

ચોથો (સપાઈ—મય ઉનસે નેકા પડલું.
બધા—જાને દોજી કામનગારે ઠુંઠું તાંત બજાને વાલે,
તિરછે નેન વાલે– પથ્થર ઉડા ડાલે,
છોટી કુંમ વાલે– બડી મૂંમ વાલે

ચોથો—હદસે જ્યાદા બાત કરના મામલા હય જંગકા,
બધા—લડને વાલે લાલખાંજી દેખલો હય ઢંગ ક્યામચ૦

૪૦

ચોથો—ગરમ પકાવું સક્કરકા સીરા.
બધા—વાહવા ! વાહવા ! વાહવા ! વાહવા !
ચોથો—ગરમા ગરમ માલ, ભજિયે કચોરી લાલ,
ઉપર પૂરીકી તાલ, ખટ્ટી ચનેકી દાલ;
ઉપરસે બ્રાંડી તાડી અઓર નીરા. ગરમ૦
કપડે બી મજેદાર—
મખમલ સેટીન અઓર ફુલેવર હીરા માનક મોતી જેવર,
પલંગ ખુરસી ચોક અઓર ટેબલ હુક્કા મુગલાઇકા લંબાનરૂ,
અત્તર ખુશબોદાર લિયા કર, ખાપી કે બસ મોજ કીયાકર,
લે જાતાં હું ચલ અપને ઘર, આશક હું માશુક તેરેપર.-
જીયા કુરબાન કરૂં, પ્યારી દિલજાન કરૂં-
ઘરકો મહેમાન કરૂં આનેકી શાન કરૂં-
ઉપરસે બ્રાંડી તાડી અઓર નીરા. ગરમ૦

૪૧

વિજય— દૃષ્ટી લઇ ગઇ હરીને ! રસીલી, છબીલી,
રૂપસુંદરી છે ગુણની ભરીછે, રસિકા ખરી છે,
કપડે કરીને, છબીલી ઠરીને, ચિતડું હરીને,
દુખથી ડરીને, હરીને સ્મરીને. દૃષ્ટી૦
હૃદય કમળ ખિલવ્યું તો મબા-
ઝટ ઝબકી ગઇ, શું વિજયા-
જા- ણે- કા- માણ કરીને!
આ- આ- આ- આ- આ- આ- આ- દૃષ્ટી૦

લાલ— ૪૨

બાળકપણમાં પ્રપંચ કીધા, જુવાની ગાળી નીચ કામે;
કીધું નહિ સુકૃત્ય હીણાએ, મુર્ખે નહિ સમજ્યો નામે. બા૦
ઠર્યો નહિં ઠરવા નવ દીધી, પિશાચ શું સારૂં પામે!
ઘડપણમા પરણી બાળાને નીચ ઠરે ના કો ઠામે. બાળક૦

૪૩

છોકરા—ઘરડા કાકાની આ નારી સારી કરીને ડરાવે,
....—રડયા અઓ આવ્યા ક્યાંથી!

છોકરા—સારાં શેર ન થરાવે. ઘરડા૦
કાકાને પાગુ મારે કાકી કરે ઉઘાડી ઘરની ઢાંકી,
કાકા મુજરક કશું ન થાય આ.ખર કાકી ઘરને ખાય- કાકા૦
જમડા ટાંપે પરણ્યા નાર એ કાકાજીને ધિઃકાર,
કાગ ચાંચ અમરત ફલ જાય બિન ફાકટની જોડી થાય. કા

૪૪

છોકરાઓ—મારે ધમ્મા ધમ્મરે મારે ધમ્મા ધમ્મ!
લે ઘરડાનો દમ્મરે લે ઘરડાનો દમ્મ.
ઘડપણમાં કાકાને કાકી મળ્યો નરકનો જમ્મ,
લપ્પડ થપ્પડ લાપટ ઝાપટ મુક્કા ભમ્મા ભમ્મરે. લે૦
સુખ જોવા પરણ્યો જે ઘરડો માર ખાય હરદમ,
લપ્પડ થપ્પડ લાપટ ઝાપટ મુક્કા ભમ્મા ભમ્મરે. લે૦

ચતુર ૪૫

આંખોમાં આવે આતસ.
ઝેર ઝેર વેર વેર-
વ્યાપી રહ્યું છે, શું છોડું હવે!
ક્યારે મળે વેર વળે ઉમેદ ફળે- આં
ફરિ ફરિ કરે જન મને ધાર્યું કરે,
રજપુત રણચઢી નહિ પાછો ફરે- વ્યાપી૦

વિજય— ૪૬

પ્રિય પ્યારી શું હશે! પુરી આશ થશે!
મન તલશે, પ્રેમ ઉછળશે, શું ફળશે! ને,
મળશે વળશે, છલ બલ આ વેષ્યા ઘરની ભરશે પ્રિય૦
મન અંદર સુંદર છબિ વસિ રહી,
સનમુખ આવી ઉભી ને હસી રહી,
હસીને- ધસીને- ખસીને શું ગુણવાળી બટશે! પ્રિ૦

વારાંગના— ૪૭

ઘુમોરે રાજા ઘુમો શરાબી જુવાન-
એ અખિયાં વેરી બનીરે, વેરી બની- રાજા૦
તૂટી ફાટી ઝૂપડી બિગડ ગયે દેદાર,
[illegible] દાઢી, નહી [illegible]

નજરિયાં કૈસી બની રે કૈસી બની
જૈસા નાજો અદાકા કમાન. એ૦

૪૮

વારાંગના—કસુંબી કસુંબી કસુંબી કસુંબી નૈના હો ગયે,
કહાં જાગે સારી રાત. નૈ૦
એકતો [૩] મય રાજાકી બેટી, દુજા ઠારા જમાદાર-નૈ૦
અરેહાં [૩] મય અબ તુંસે હારી. જરા જાઓ તેરા પ્યાર. નૈ૦

૪૯

વિજય—તનુમ દેરના તાના તનદર તનદર.
તનન દેરના દીં તનદીં તનદીં-
તનનનનનનન તનનનનનનન. ત૦
છુકમ છુકમ છક છા છકછા, પપપપમ પધની સાસા—
તન નનનનનન ગાવે બજાવે નવિનકૃષ્ન થન થનન નચાવે
ગોપી ગુન હરિકા રિઝાવે, ગાવે બજાવે.
આડ ખ્યાલ ધિરકિટ તનનનનન ધિરકિટ ધાધાધા-ત૦

૫૦

સિપાઈઓ—અહા! આંખોમે કયા લ્હેર આઈ!
૪ થો—બાઈ દારૂ પીઓ દારૂ પીઓ.
કહેતે નિષા ખરાબ વો એબ્યાની,
બધા—સારી દુનિયાં બનો હય દીવાની,
૪થો—નિષે પાસ યારો દુનિયા હય ફાની-બાઈ
બધા—એક પૈસે મિયાંને ગુમાયે
૪-થો—બાપ દાદાકા નામ બી બડાયે,
બધા—સાથ નાક બી થોડાસા કટાયે. બાઈ૦

૫૧

મોજુ—પ્યારેપર હુઈ દીવાની.
ચતુર—ઓતારી!
મોજુ—કરના જલદી મહેરબાની, મય વારી!
એ દુખ દિલકા કયસે સહેના?
ચતુર—વારે વહુવર ખાસાં પરણ્યાં!
મોજુ—ચેન પડે નહીં હુંઇ એકલી આના જલદી!
———જાના જીંદગી. પ્યારે૦

૫૨

મે —આવીને ફસાઇ હાય, મૃત્યુ હાય ક્યારે થાય!
વિજય મારો બેઠો ક્યાંય, બાપુની દશા શી ત્યાંય!
મિતી કીધી આવી આશ, હાયરે થઇ નિરાશ.
પારસાને મુકી પાસ, ખેંચી લીધો મારો ગ્રાસ.
કોણ બીજું વ્હારે ધાય, એક વીના સ્હાવ થાય.
વીધીએ ફસાઇ હાય, ઝુરી ઝુરી જીવ જાય.

૫૩

વિજય—છબિ પડિ ગઇ આંખી સુદરી ગૈ સુકાઇ,
કર દઇ લમણાને વાતમાં ગૈ ગુંથાઇ,
નયન રસિક જેને આસુંડાં જાય ચાલ્યાં;
પ્રેમ—હર હર થયું આ શું વીધીએ વેર વાળ્યાં.

૫૪

પ્રેમ—ઉછરી હતભાગી વેલી બની જોબન મદમાં ઘેલી.
ભ્રમરાને ભુલાવી દીધો લપટાવી ફાકટ લીધો.
ફુલડાં ખિલતાં અટવાઇ પીવાયો રસના પાઇ.
વિજય—સખીરે તજ ચિન્તા તારી ગોપીને મળે ગિરધારી.
લુટશે દધિ માખણ ભાવે વર્ષા રતુ જળને લાવે.

૫૫

સિ- પ- સો- રોકો ન મોરી ડગરિયાં શ્યામ.
હો બ્રિજબસિયા હો બાંકો રસિયા. રો૦
અપને આગી બારી દુલરિયાં, હાથન છૂવો રસરિયાંરામ,
પડ ગઇ મેં બેદરદીકે પાલે દાદા ભરાવે ગગરિયાં
રામ હો૦

૫૬

—ડ- -૭ મો—ઊડી જાવું હંસારે હઇ જાવું શું તારે!
મ માદે આવે કોણ જાણે કે ક્યારે! ઊ૦
ક્ષણિક જીંદગી જાય ઝપાટે કરવાનું નવ થાય,
મયામાં ગુંચવાયો ેથાં ઘેલો ખાઘે જાય;
કિસમત ઠુકારે ક્યાંથી થડને ધારે!
આ માયાના મુખ્ય સત્ય શ્રી સત્ ચિત રૂપને જાણ,
હાય હાય સહુ આ ફાકટનો મિલાવ સતથી ધ્યાન;
હોના આવે સાથે રે તેડું ત્યાંનું આવે ત્યારે. ઊ૦

૫૭

ચતુર—બંદે નિવાજ તું દાતા તું ત્રાતા પ્યારે; બં૦
હમ બંદા ફંદેમેં તેરે, તું બંદા હય સતકે ઉરે,
વર્ષારૂત ભઈ બાદલ ઘેરે, પાવે અનાજ. તું૦
સુક પાની ફાની હો જાવે, કિસમતને માની સો આવે,
નિરભય સબકા ધ્યાન લગાવે, સાંકા અવાજ. તું૦

૫૮

વિચુંત્રહા—રે હાય નિરાધાર પાપી હાથ હું ચઢી,
પાપી હાથ હું ચઢી હાય આફતી પડી. રે૦
પાવની ગુફા મહીં હરાણી ફેસાય જેમ,
આ પાપીના અવાસમાં આવી ફસાઈ તેમ. રે૦
સીતા દમયંતીની લાગને હરી સ્હાય તું થયો,
તું સ્હાય થાજે દેવ તું પર આશરો રહ્યો. રે૦

અંક ૩ જો.

૫૯

બળદેવ—આવે તરંગો વિવિધ હવે તો સારૂં પ્રભૂજી સ્હાય દિગે
તો. આ૦
આ આખર તોફાન ચઢ્યું છે કાળ ગતી નથી કળવા દેતો. આ૦
તું એકી જગ પાર ઉતારે તુ તુ હર સહુને લઇ લેતો. આ૦
આ ભવસાગર કોઇ નરવાણ્યા નિરભય તુ હરો એકજ તેતો. આ૦

૬૦

છોકરીઓ—શ્રી બ્લાઇંડ માઈસ સી હાઉ ધે રન!
એન્ડ ઓલ રનીંગ આફટર ધી ફારમર્સ વાઇફ,
શી કટીંગ ઘેર ટેલ વીથ એ કારવીંગ નાઇફ. થ્રી૦

૬૧

ચતુર—રખો દયા પરમ ધર્મ વો હય
ડુબતેકો બચાઓ દયા કરકે, ગત સબકો બીચારો. ર૦
લોગનેકા દયા ધર્મકો પરમારથ રહે સંગેરે,
પરમારથસે સ્વારથ સુધરે આશિશ દેત હજારો. ર૦

૬૨

પ્રેમ—લગન લાગી લાલની ને ગઇ વારી.
વિજય—પ્યાર તારમાં ગઇ લપટાઇ ઉનમત કાચા તારીજી,
પ્રેમ—ઓ કાલી!

વિજય—વારે વ્હાલી!
પ્રેમ—રડાવો તો ખુશી તમારી. લગન૦
વિજય—મારા સમ જો રડે રસીકા શ્યાણી સખી થા ધીરી;
પ્રેમ—જાણ્યું ડહાપણ ખુશી ધાણીની હવે હું તો આખર હારી. લ.

૬૩

માજુ—અરે જારે મેરી બાઈ—
પ્રેમ—જારે દીવાની.
માજુ—લટકા મટકા ઉંહું. ઉંહું. ઉંહું.!
કહેતો બિરીઆની બનાઉં, કહેતો તરકારી ખિલાઉં,
કહેતો મીઠાઇ મંગવાઉં, કહેતો કલેમી લાઉં.
જરા હસકે તો બોલ, યે ઘુંઘટકો તો ખોલ;
પ્રેમ—અરે જારે જારે ફટ તને બીજું શું બોલ!
માજુ—અરે વારે વારે. ફ૨૦
વિજય—ગમ ખારે ખારે. ફ૨૦
માજુ—અરે હારે હારે! ફ૨૦
પ્રેમ—અરે જા જા અહીંથી ટળ!
માજુ—લે તબ ખા મીઠાઇ!
વિજય—અરે જારે મેરી બાઈ—
માજુ—તું લે ચપ. * * *
પ્રેમ—

૬૪

નમી નમી નાજુક એ ચાલી જાય નયને નચાવી. ન૦
વાણી રૂપ ગુણ એક પેમ તો અપૂર્ણ છેક,
વાહરે ભલો વિવેક, વાતમાં ફસાવી. હાં! હાં! ન૦
ભલે કપટથી છુપાવો, છાના છાના રાજી થાઓ,
સખીને ભલે સતાવો, સાર શું રડાવી!! હાં! હાં! ન૦
વિજય—

૬૫

શું સખિ ઘેલી એ પ્રેમની વેલી ને કોમળ અંગની કાંત રૂપાળી!
રંગે રસેલીને છે અલબેલી એ ફૂલ ગુલાબનું કિસમત માળી!
એ કળિ કોમળ ને વળી ખીલતી મિષ્ટ ફળોતણી સુંદર વેલી!
ભ્રમરનો સ્વર કાને પડે પણ એ નહીં કે'તાં નિરાશ ને ઘેલી.

આ વિરિ યા વિરિ સાવધ સુંદિર હું રસિયો નહિં કદી સતાઉં,
રંગ ઉમંગમાં સંગ થઈ જઈ વ્હારના ભારનો સાર બતાઉં,
થાય ઉદાસ દુભાય સુકાય કુમુદની શું તને હું કરમાવું !
એમ સખી ગઈ શું પરખી પ્રિય કાજ બિછાનાંમાં બાલ બિછાવું.

૬૬

વિજય—નખરાં શું બતલાવો હાલો હાલો રે પ્યારી જાન!
પ્રેમ—વારેવા! વારેવા ! વારેપા! વારેવા! વારેવા! વારેવા!

વાહ.ન૦

શ્યાગ્ની બહુ રહુમજે સહુ વાતમાં અંતરની હજીએ ન જણાવે,
વિજય—ભોલી અલી ખરી ઘેલી થઈ ગઇ!
પ્રેમ—શો અપરાધ દયા નવ આવે!
સર્વ છુપાવી શકે નટનાગર પ્રીતીની ભાત ન કોઇ છુપાવે!
વિજય—વારે શ્યાગ્ની!
પ્રેમ—જાણી જાણી!
વિજય—વાહ વાહ વાહ! બેઠી માની શું નિશાની!
બન્ને—વાહ! વાહ! વાહ!
પ્રેમ—મારે તો જીવનાધાર. નખરાં૦

૬૭

નજીર—તેરા જાન મે લઉં.
મોજુ—ગઈ તો મય બી ક્યા કરૂં! વા વારે—તેરા૦
નજીર—નફ્ટ કરેગી ભારી ભારી બાતાં રે,
મોજુ—લેને ગઇ મેં મીઠાઇ! વા વારે—તેરા૦
નજીર—માર બિના કછુ કાર ન આવેરે!
મોજુ—કરં કયા મે બાઇ! વાવારે—તેરા૦

૬૮

મોજુ—જાનેદેરે બિચારા એ કયા જાને?
નજીર—માર ખાયે બિના તું નહિં માનો
મોજુ—તું જાનતા હો તો સમઝાને.
નજીર—બિચમે તું બકબકબક મત કર,
મોજુ—વિરેવા દૂખા તેરા ડર !

નજીર—ચુપ સુતા કેહતી હું ચુપકર,
મોજુ—એક બોત લગારે,
નજીર—આઓ તો લે કુસ્તા ખાલે,
મોજુ—મારે મારે મારે મારે,
નજીર—સ્ત્રુર સસુર મત હાથ ઉઠાઓ—
મોજુ—મેરી સાસ તું મર જાઓ,
નજીર—હાજર કોઇ—
સિપાઇ—જી ફરમાઓ.
નજીર—ઘ્યાડી કર પકડો લે જાઓ,
મોજુ—મય પોબાર કયા કુંગી તું જાને.—જાન૦

૬૯

વિજય—ધીરિ ધીરિ અલી પિયુજી પૂરી બેટશે,
રસિક પાસ રંગથી તું ગાભરી થશે.—ધીરિ૦
પ્હેલો વિઝ્યટો માણુ મિત્ર કહી ધસીને,
ગુંજ ગુંજ કરિ ચુમીનો માર મારશે.—ધીરિ૦
લાડકી લલિતરંગ પ્યારી પ્યાગી કહી પછીથી,
મનડાંની આશા પ્યારો જાન પુરશે.—ધીરિ૦

૭૦

પ્રિયંવદા—એને બીજું શોતું ધ્યાન પ્રેમમાં રહી મરી.
થયું ન થયું ન થાશે! શું થયું હશે હરી? એન,
બધાં કરતાં હશે શું! કુશળ કાયા હશે!
રડે આ એકલી ઉભી બતાવે કોણ હરી! એન
કસાઇથી છૂટી છતાં માણુ આ છોડે નહીં,
ચરે ના કે પીયે ના જીવ ઝુરે જાય હરી— એ૦

૭૧

જી એવી! મિત્ર વિજય નેથી!